## મહુવાસના યુવકના અવસાન બાદ અંગદાનનો નિર્ણય

**વાંસદાના** ધરમપુરીથી પુરુષની લાશ મળી અને મહુવાસમાં બાથરૂમમાં પડી જતા યુવાનનું મોત

વાંસદા : વાંસદા તાલુકાના ધરમપુરી ગામે આવેલી અંબિકા નદીના કિનારે સ્મશાન ભૂમિની નીચે નદીમાંથી ૪૦ થી ૫૦ વર્ષના અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. મોત નિપજ્યના ઘણા દિવસ થયા હોવાથી લાશ ડિકમ્પોઝ થવા લાગી હતી. મૃતકે કમરે ખાખી પેન્ટ પહેરેલું છે. આ લાશ મળી આવતા શૈલેષ પટેલ (રહે. ધરમપુરી તા. વાંસદા) એ વાંસદા પોલીસ મથકે જાણ કરતા અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો. બીજા બનાવમાં વાસદાના મહુવાસ ગામે પેલાળ ફળિયા ખાતે રહેતા અતુલભાઇ મોહનભાઈ ગામિત (ઉં વ. ૪૧) બુધવારે સવારે ૧૧:૩૦ કલાકે ઘરે બાથરૂમમાં શૌચ ક્રિયા કરવા ગયા હતા, તે દરમિયાન તેઓ બાથરૂમમાં પડી જતા બેભાન થઈ ગયા હતા. જેથી તેમને સારવાર માટે વાંસદા કોટેજ હોસ્પિટલમાં લઇ ગયા બાદ ત્યાંથી વધુ સારવાર માટે ધરમપુર શ્રીમદ રામચંદ્ર હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

વાંસદાના મહુવાસ ગામે રહેતા ૪૧ વર્ષીય આદિવાસી યુવક અતુલ ગામિતના અવસાન બાદ પરિવારે બ્રેઈન ડેડ અવસ્થામાં અંગદાનનો ઉમદા નિર્ણય લેતા ગ્રીન કોરિડોર મારફતે હાર્ટ અને કિડનીને અમદાવાદ મોકલવામાં આવ્યા હતા.

# નવસારીમાં રિંગ રોડ પર બર્થડે સેલિબ્રેશનમાં લોહિયાળ ખેલ

**જૂની** અદાવતમાં સુરતના ટીપુ અને તેના સાગરીતોએ 27 વર્ષીય યુવકની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી

**ત્રણ** મહિનામાં હિંસાની ત્રીજી ઘટનાથી રિંગ રોડ વિસ્તારમાં ભય અને રોષનો માહોલ

### છેલ્લા ત્રણ મહિનામાં ગંભીર ગુનાઓ સામે આવ્યા

શહેરના રિંગ રોડ અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ત્રણ મહિનામાં સતત ગંભીર ગુનાઓ સામે આવી રહ્યા છે. પોલીસ ચોપડે નોંધાયેલા આંકડા મુજબ આ સમયગાળા દરમિયાન વાહન ચોરી, અંગત અદાવતમાં હુમલા, જાહેરનામા ભંગ અને મિલકત વિવાદ જેવા મળી અંદાજે ડઝન જેટલા ગુનાઓ નોંધાયા છે. ખાસ કરીને ખૂનના પ્રયાસ અને જીવલેણ હુમલાની આ ત્રીજી મોટી ઘટના હોવાનું સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અગાઉ પણ એપીએમસી નજીક મધરાત્રે એક યુવાન પર હુમલો થયો હતો, જ્યારે ટાટા હાઈસ્કૂલ નજીક બહારગામના યુવાનોના ટોળાં રાત્રિના સમયે ભેગાં થતા હોવાની અનેક રજૂઆતો પોલીસ સુધી પહોંચી હતી. છતાં સમયસર કડક પગલાં ન લેવાતા હવે એક પછી એક લોહિયાળ બનાવો સામે આવી રહ્યા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. સતત વધી રહેલી હિંસક ઘટનાઓને પગલે રિંગ રોડ વિસ્તારમાં કડક પોલીસ પેટ્રોલિંગ, શંકાસ્પદ તત્વોની ચકાસણી અને રાત્રિ દરમિયાન વિશેષ ડ્રાઈવ ચલાવવાની માંગ સ્થાનિકોમાંથી ઉઠી રહી છે.

નવસારી : નવસારી શહેરના રિંગ રોડ વિસ્તારમાં જન્મદિવસની ઉજવણી દરમિયાન થયેલો હુમલો યુવકના મોતમાં ફેરવાયો હતો. ગાડી લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા 27 વર્ષીય યાસીન યુસુફ મેમણ પર થયેલા ચપ્પુના હુમલામાં સારવાર દરમિયાન મોત નિપજતાં સમગ્ર ઘટનાએ સનસનાટી ફેલાવી દીધી છે.

ઘટના મુજબ યાસીન મેમણ પોતાના મિત્રો સાથે રિંગ રોડ પર આવેલા ઓર્નેટ એપાર્ટમેન્ટ સામે જન્મદિવસની ઉજવણી કરી રહ્યો હતો. તે દરમિયાન સુરતના ભાઠેના વિસ્તારનો ટીપુ નામનો શખ્સ પોતાના ત્રણ સાગરીતો સાથે સફેદ કારમાં ત્યાં પહોંચ્યો હતો. પ્રાથમિક તપાસમાં જૂની અદાવત અને નાણાકીય લેવડદેવડના વિવાદને લઈને હુમલો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

આરોપીઓએ યાસીનને જાહેર રસ્તા પર જ ઘેરી લીધો હતો. બચવા માટે દોડેલા યાસીનને આંતરીને મારમાર્યો હતો અને ત્યારબાદ ચપ્પુ વડે તેના પગ અને થાપાના ભાગે ગંભીર ઘા ઝીંકવામાં આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં ઢળી પડેલા યાસીનને નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

આ બનાવ બાદ નવસારી ટાઉન પોલીસે ટીપુ અને તેના ત્રણ અજાણ્યા સાગરીતો સામે હત્યા સહિતના ગંભીર ગુનાઓ નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા અલગ અલગ ટીમો કાર્યરત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# વાપીમાં જમીન દસ્તાવેજના બહાને 6 લાખની છેતરપિંડી

**વારસાઈ** નોંધ અને દસ્તાવેજ રદ કરાવવાની ધમકી આપી શખ્સે નાણાં પડાવતા પોલીસમાં ગુનો


વાપી : વાપીના કરવડ ગામે રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા મુકેશકુમાર રામજીભાઈ ભાટકર (ઉં.વ. ૫૪) એ જમીન દસ્તાવેજની પ્રક્રિયામાં થયેલી છેતરપિંડી અંગે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગત મુજબ, મુકેશકુમારે કરવડમાં એક જમીન ખરીદી હતી, પરંતુ પિતાની વારસાઈ નોંધમાં તેમનું નામ ન હોવાને કારણે દસ્તાવેજની કામગીરી અટકી હતી. આ કામગીરી પૂર્ણ કરવા માટે તેમણે જમીનને લગતું કામ કરનાર નવીન રામજીભાઈ માહ્યાવંશી (રહે. નાની તંબાડી)નો સંપર્ક સાધ્યો હતો. નવીને શરૂઆતમાં ખેડૂત ખાતેદાર તરીકે નામ દાખલ કરવા અને નોંધણી માટે ૧ લાખની માંગણી કરી હતી, જે રકમ મુકેશકુમારે બલીઠા સ્થિત તેની ઓફિસમાં ચૂકવી આપી હતી.ત્યારબાદ નવીને આર.ટી. એસ. ડિલે (RTS Delay) અરજીના કામ માટે વધારાના ૬ લાખની માંગણી કરી હતી. તેણે મુકેશકુમારને ડરાવ્યા હતા કે જો આ રકમ નહીં અપાય તો જમીન સરકાર હસ્તક જશે અથવા મૂળ માલિકને પરત મળી જશે અને દસ્તાવેજ પણ રદ થઈ જશે. ડરના માર્યા મુકેશકુમારે રકમની વ્યવસ્થા કરીને નવીનને આપી દીધી હતી.

જોકે, બાદમાં મુકેશકુમારે ઓનલાઈન તપાસ કરતા જાણવા મળ્યું કે, જમીનની નોંધણી પ્રાંત કચેરી, પારડીના હુકમથી જ થઈ હતી અને નવીને માત્ર ડર બતાવીને ખોટી રીતે નાણાં પડાવ્યા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેમણે નવીન વિરુદ્ધ વિશ્વાસઘાત અને ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# બીલીમોરાની દુકાનમાં તસ્કરોનો હાથફેરો, CCTVમાં કેદ

**એડવર્ટાઇઝમેન્ટ** બોર્ડની આડમાં શટરના તાળા કાપી ચોર ગલ્લામાંથી ૧૦ હજાર રોકડા લઈ ફરાર



બીલીમોરા : બીલીમોરા પૂર્વમાં આવેલી 'કશીશ લેડીઝ કલેક્શન' નામની કપડાંની દુકાનને ચોરે નિશાન બનાવી હતી અને ગલ્લામાં રાખેલા ૧૦ હજાર રોકડા ચોરીને ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના દુકાન અંદર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

ગૌરવપથ પર દિલીપ ર વિભાઈ રામાણી 'કશીશ લેડીઝ કલેક્શન' નામનો શો રૂમ ધરાવે છે. ગત મોડી રાત્રે એક અજાણ્યો ચોર આ દુ કાન પાસે આવ્યો હતો. દુ કાનની બહાર મુકેલા સ્ટેન્ડિંગ એડવર્ટાઇઝમેન્ટ બોર્ડની આડ લઈને તેણે શટરના તાળા કાપી નાખ્યા હતા, તાળા તોડ્યા બાદ ચોર શટર ઊંચું કરીને દુકાનમાં પ્રવે શ્યો હતો. તેણે ખૂબ જ શાંતિથી દુકાનનું કાઉન્ટર ખોલી ગલ્લામાં રાખેલી રૂપિયા ૧૦ હજાર રોકડ રકમ કાઢી લીધી હતી.

ચોરી કરી તે સિફતપૂર્વક ત્યાંથી પલાયન થઈ ગયો હતો. આજરોજ સવારે જ્યારે દુકાન માલિક દિલીપભાઈ આવ્યા ત્યારે તાળા તૂટેલા જોઈ તેમને ચોરી થઈ હોવાની જાણ થઈ હતી, જેથી તેમણે તાત્કાલિક બીલીમોરા પોલીસને આ અંગે માહિતગાર કર્યા હતા. માહિતી મળતા જ બીલીમોરા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. બીલીમોરા પોલીસે ગુનો નોંધીને તસ્કરને પકડી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# વલસાડ જિલ્લા કલેક્ટર કચેરીમાં હવે 'ડિજિટલ બેઠકો' પર ભાર

**વડાપ્રધાનના** આહવાન બાદ ઈંધણ બચત અને સમયના સદુપયોગ માટે કલેક્ટરે લીધો મહત્વનો નિર્ણય

વલસાડ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરાયેલા આહવાનની અસર વલસાડ સુધી પહોંચી છે. આજે શનિવારે વલસાડ જિલ્લા કલેક્ટર નિતીન સાંગવાનના અધ્યક્ષપણા હેઠળ કલેક્ટર કચેરી વલસાડમાં સાંજે 4.15 કલાકે યોજાનારી જિલ્લા માર્ગ સલામતી સમિતીની બેઠકમાં માત્ર હેડ કવાર્ટરના અધિકારીઓ હાજર રહેશે.

જ્યારે હેડ ક્વાર્ટર સિવાયના અધિકારીઓ વીડિયો કોન્ફરન્સથી ભાગ લેશે.

નોંધનીય છે કે, વડાપ્રધાનના આહવાન બાદ વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગુજરાત સરકારની મળેલી કેબિનેટ બેઠકમાં પણ ઈંધણ બચત, જાહેર પરિવહનને વધુ મજબૂત બનાવવા અને સરકારી ખર્ચમાં ઘટાડો કરવા અને શક્ય હોય ત્યાં સુધી બેઠકો ઓનલાઈન વીડિયો કોન્ફરન્સથી યોજાશે.

ગુજરાતના છેવાડાના વલસાડ જિલ્લામાં પણ નવા કલેક્ટરની ઉપસ્થિતિ વચ્ચે યોજાનારી બેઠકમાં પણ હેડ ક્વાર્ટરના અધિકારીઓ હાજર રહેશે, જ્યારે હેડ કવાર્ટર સિવાયના અધિકારીઓ વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી બેઠકમાં જોડાશે.

# ઈન્સ્ટિટ્યૂટના સંચાલક સાથે રૂપિયા 9.80 લાખની છેતરપિંડી

**વલસાડના** વિદ્યાર્થીઓના એડમિશનની રકમ સંસ્થામાં જમા કરાવવાને બદલે વિજેન્દ્ર ગોન્નાડે નાસી છૂટ્યો

વાપી : વલસાડમાં ઈન્સ્ટીટયુટના સંચાલકને વિશ્વાસ ભારે પડયો હતો. વિદ્યાર્થીઓની એડમિશન ફી રૂપિયા 9.80 લાખ ઉઘરાણી કરી માર્કેટીંગ એજન્ટે તે રકમ જમા નહીં કરાવી સંસ્થા સાથે વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયો હતો.

વલસાડ ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વલસાડ અબ્રામા સ્થિત સોના સરીતા એપાર્ટમેન્ટમાં રહેતા રાકેશભાઈ કરણસિંહ ચૌહાણ (ઉં.51) વલસાડ કળશ એપાર્ટમેન્ટના ત્રીજા માળે સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજી નામની સંસ્થા ચલાવે છે. કમ્પ્યુટર કલાસીસ ચલાવવા માટે ચાર વ્યક્તિઓને નોકરી ઉપર રાખ્યા હતાં. મૂળ મહારાષ્ટ્રના પીંપળગામ અને હાલ વલસાડ મણીબાગ, અબ્રામામાં રહેતો વિજેન્દ્ર તુલસીરામ ગોન્નાડેને વિદ્યાર્થીઓના એડમિશનના માર્કેટીંગના કામકાજ માટે માર્કેટીંગ હેડ તરીકે એપોઈમેન્ટ લેટર તથા માર્કેટીંગ એજન્ટ તરીકેની નિમણૂક કરી હતી. એડમિશન ફી જમા કરાવવાની જવાબદારી સોંપી હતી. વિજેન્દ્રએ આ કામકાજ માટે અન્ય ત્રણ માણસોને નોકરી પર રાખ્યા હતા અને તેનો પગાર પણ વિજેન્દ્ર પોતે આપતો હતો. ઓક્ટોબર 2025 માં રાકેશની તબિયત સારી ન હોવાથી વિજેન્દ્રને એડમિશન થયેલા વિદ્યાર્થીઓના પૈસા ઓફિસમાં અથવા તેઓને આપી જવાનું જણાવ્યું હતું. જો કે, વિજેન્દ્રએ કોઈ પૈસા જમા કરાવેલા ન હતાં. સંસ્થાની ફી રસીદ બુક ચેક કરતા ફી જમા થયેલી હતી પરંતુ તે ફી સંસ્થામાં જમા કરાવેલી ન હતી. ફી રસીદ બુક પ્રમાણે રૂપિયા 9,80,700ની રકમ સંસ્થામાં જમા કરાવેલી નહીં હોય જે અંગે વિજેન્દ્રને કહેતા તે રકમ જમા કરાવી દઈશનું જણાવ્યું હતું અને ત્યારબાદ સંસ્થા છોડી તે ચાલી ગયો હતો અને ફોન પણ બંધ આવતો હતો. એડમિશન ફીની ઉઘરાણી કરી સંસ્થા સાથે વિશ્વાસઘાત કરનાર વિજેન્દ્ર સામે વલસાડ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી હતી.

## વલ્લભ આશ્રમ પાછળ યુવકનો મૃતદેહ મળી આવ્યો

પારડી : તાલુકાના વલ્લભ આશ્રમ નજીક આવેલી ડે-બોર્ડિંગ સ્કૂલ પાછળથી એક યુવકની લાશ મળી આવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૃતકની ઓળખ અજયભાઈ જયેશભાઈ નાયકા તરીકે થઈ છે, જેઓ કિલ્લા પારડીના સ્વાધ્યાય મંડળ રોડ વિસ્તારમાં માતા સાથે રહેતા હતા. પરિવારના જણાવ્યા મુજબ, અજયભાઈ ગત ૧૩ મેના રોજ બપોરે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા હતા. શોધખોળ કરવા છતાં તેમની કોઈ ભાળ મળી ન હતી. દરમિયાન ૧૫ મેના રોજ સવારે ગાયો ચરાવવા ગયેલા એક ભરવાડને ઝાડીઓમાં મૃતદેહ દેખાતા તેમણે સ્થાનિકોને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા સ્વજનોએ મૃતદેહ ઓળખી કાઢ્યો હતો. હાલ પરિવારજનોએ કોઈ પણ પ્રકારની શંકા વ્યક્ત કરી નથી.

# સરીગામમાં પ્રિમોન્સૂન કામગીરી કરવા માxમ વિભાગને રજૂઆત

**એક** વર્ષ પહેલાં જ બનેલો માર્ગ જર્જરીત થતાં તપાસની માંગ

ઉમરગામઃ સરીગામ વિસ્તારમાં પ્રિમોન્સૂન કામગીરી કરવા માર્ગ અને મકાન વિભાગ સ્ટેટને રજૂઆત કરવામાં આવી છે. સરીગામ ગ્રામ પંચાયત દ્વારા કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ સ્ટેટને રજૂઆત કરી જણાવ્યું છે કે આગામી દિવસોમાં ચોમાસુ શરૂ થવાનું છે ત્યારે સરીગામ વિસ્તારમાં તમારા હસ્તકના મુખ્ય માર્ગની આજુબાજુ આવેલ પ્રિકાસ્ટ ડ્રેઈન ગરનાળા તેમજ ગટરોની સાફ-સફાઈ કરાવી વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય અને વરસાદી પાણીનો ભરાવ ન થાય તે દિશામાં જરૂરી કામગીરી કરવા તથા ઘણી જગ્યાએ કુદરતી વહેણના નાળાઓ બંધ થયા હોય જર્જરીત હોય તે બાબતે તપાસ કરી ગરનાળા નવીનીકરણ કરવા વધુમાં સરીગામ ગણેશ હોલથી બેક ઓફ બરોડા તરફ વરસાદી પાણીના નિકાલ અર્થે ગત વર્ષે પ્રિકાસ્ટ ડ્રેઈન નાખવામાં આવેલી છે. પરંતુ વધુ પડતા વરસાદી પાણી આવવાથી ડ્રેઈનમાંથી વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થવાથી જાહેર રોડ ઉપર પાણી ભરાઈ રહે છે. જેના કારણે વાહન વ્યવહારને અસર પહોંચે છે અને લોકોએ મુશ્કેલી વેઠવી પડે છે. તો સદર બાબતે તપાસ કરી ઘટતું કરવા વિનંતી છે.

વધુમાં સરીગામ ત્રણ રસ્તા નહેરથી સરીગામ જીઆઈડીસી નારગોલ ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગનું ગત વર્ષે જ નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ રોડ હાલમાં જર્જરીત બન્યો છે. કામગીરી સામે સવાલો ઊભા થયા છે આ માર્ગનું સ્થળ તપાસ કરી સુવ્યવસ્થિત બનાવવા પગલા લેવા વિનંતી છે.

# વસ્તીગણતરીની કામગીરી સોંપાતા આંગણવાડી વર્કરોમાં ભારે રોષ

**વધારાની** કામગીરીમાંથી મુક્તિની માંગ સાથે સંગઠનની રજૂઆત


નવસારી : નવસારી જિલ્લામાં આંગણવાડી વર્કરોને વસ્તીગણતરીની કામગીરી સોંપવાના નિર્ણય સામે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા ભારે અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. સંગઠને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી આંગણવાડી બહેનોને આ વધારાની કામગીરીમાંથી મુક્તિ આપવા માંગ કરી છે. સંગઠનનું કહેવું છે કે આંગણવાડી વર્કરો પહેલેથી જ અનેક મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી રહી છે, ત્યારે તેમના પર વધુ એક પ્રશાસનિક કામગીરી લાદવી યોગ્ય નથી.

સંગઠનના જણાવ્યા મુજબ, આંગણવાડી વર્કરો હાલમાં કુપોષણ નિવારણ, બાળકોના આરોગ્ય અને પોષણની દેખરેખ, ગર્ભવતી મહિલાઓની સંભાળ, પ્રિ-સ્કૂલ શિક્ષણ તેમજ વિવિધ સરકારી યોજનાઓના અમલીકરણ જેવી જવાબદારીઓ નિભાવી રહી છે. આવા સમયમાં વસ્તીગણતરી જેવી વિશાળ અને સમયગાળા માગતી કામગીરી સોંપાતા મૂળભૂત સેવાઓ પર અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. સંગઠને આક્ષેપ કર્યો છે કે કાયમી સરકારી કર્મચારીઓએ જે કામગીરી માટે અનિચ્છા દર્શાવી છે, તે હવે આંગણવાડી બહેનોને સોંપવામાં આવી રહી છે. જિલ્લા પ્રમુખ શકુંતલાબેન ઠાકોરે જણાવ્યું હતું કે, આંગણવાડી બહેનો પર સતત વધતા કામના બોજના કારણે તેમની કાર્યક્ષમતા અને માનસિક સ્થિતિ બંને પર અસર પડી રહી છે. સરકાર અમારી પર વધારાનું દબાણ લાદવાને બદલે મૂળભૂત સેવાઓને વધુ મજબૂત બનાવે તે જરૂરી છે.

## સંક્ષિપ્ત સમાચાર


### સેલવાસ લાયન્સ ઇંગ્લિશ સ્કૂલનું નામ CBSE ધો.12ના પરિણામમાં ફરી ગુંજ્યું





વાપીઃ લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, સેલવાસે CBSE ધોરણ 12ની બોર્ડ પરીક્ષામાં શાળાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન નોંધાવ્યું છે. આ વર્ષે કોમર્સ પ્રવાહે 100% પરિણામ મેળવીને શાળાને ગૌરવ અપાવ્યું છે. કોમર્સ પ્રવાહમાં કુમારી શ્રાવણી સહસ્ત્રબુદ્ધેએ 95.4% ગુણ મેળવી પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે કુમારી વિદિશા પટેલ અને માસ્ટર મેલ્વિન જેકબ થોમસે 93.6% સાથે દ્વિતીય અને કુમારી કોમલ શર્મા તથા કુમારી કશિશ સોલંકીએ 93% સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં પણ શાળાએ 96.77% જેટલું પ્રભાવશાળી પરિણામ નોંધાવ્યું છે, જેમાં કુમારી રાજપૂત કશિશ બ્રિજેશકુમાર સિંહે 95.4% ગુણ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. કુમારી સૃષ્ટિ બડાડલેએ 93.6% ગુણ સાથે દ્વિતીય સ્થાન મેળવવાની સાથે બાયોલોજી વિષયમાં 100 માંથી 100 ગુણ મેળવી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. તેની સાથે કુમારી અહાના મોહંતીએ પણ 93.6% અને કુમારી અન્વેશા મનોજ સિંહે 93% ગુણ મેળવી તૃતીય સ્થાન મેળવ્યું છે. સંસ્થાના પ્રમુખ ફતેહસિંહ એમ. ચૌહાણ, ઉપપ્રમુખ અનંતરાવ ડી. નિકમ, સેક્રેટરી કુલદીપ સિંહ મુંદ્રા અને કારોબારીના સભ્યોએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના આચાર્યા નિરાલી પારેખ, ઉપ-આચાર્યા પારુલ ગુપ્તા અને મમતા નાગરકોટી સહિત સમગ્ર શિક્ષકોએ વિદ્યાર્થીઓની સિદ્ધિ અભિનંદન આપ્યા હતાં.

### ચીખલીની સ્વામિનારાયણ ગુણાતીત વિદ્યાધામની ઝળહળતી સફળતા



ઘેજ : સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા લેવાયેલી ઓલ ઇન્ડિયા સેકન્ડરી સ્કૂલ પરીક્ષા (ધોરણ 12) ૨૦૨૬ ના પરિણામમાં ચીખલીની શ્રી સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ ગુણાતીત વિદ્યાધામ વિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. આ વર્ષે વિદ્યાલયના શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓમાં સાયન્સમાં સિદ્ધિ લાડ ૯૩.૪ ટકા સાથે પ્રથમ, સિયા પટેલ ૯૩.૦૨ ટકા સાથે દ્વિતીય, જીયા પટેલ ૮૮.૦૪ ટકા સાથે તૃતીય જ્યારે ૧૨-કોમર્સ વિભાગમાં મંથન ગાંધી ૯૨.૦૮ અને અર્નવ કુંભટ ૯૨.૦૮ સાથે પ્રથમ, પરી રવાણી ૯૧.૦૪ ટકા સાથે દ્વિતીય, જીત ભવાની ૯૧.૦૨ ટકા સાથે તૃતીય ક્રમે આવતા શાળા પરિવારના ચેરમેન પૂજ્ય શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશ દાસજીના આશીર્વાદથી આ ઉજ્જ્વળ પરિણામ પ્રાપ્ત થયું છે. તેમણે તમામ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે ઈશ્વરની કૃપા, ગુરુભક્તિ અને પ્રામાણિક પ્રયત્નના સંગમથી જ સાચી સફળતા પ્રાપ્ત થાય છે. દરેક બાળક ઈશ્વરનો અંશ છે અને યોગ્ય માર્ગદર્શનથી તે ઊંચાઈઓ સર કરી શકે છે. ટ્રસ્ટી નિપુન સુખડિયા તથા શાળા આચાર્યએ વિદ્યાર્થીઓ અને વાલીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

### વાપીમાં પરિણીતાને ત્રાસ આપતા પતિ સામે પોલીસ ફરિયાદ

વાપી : ડુંગરામાં રહેતા અને ફિઝીયોથેરાફિસ્ટની પ્રેક્ટિસ કરનાર પત્નીને શારીરિક-માનસિક ત્રાસ પતિ દ્વારા આપવામાં આવતા પત્નીએ વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ડુંગરામાં ગ્રીન કાઉન્ટીમાં અમિતાબેન દેસાઈ (ઉં.39) રહે છે અને છરવાડામાં યુનિક ક્લિનિકમાં ફીઝીયોથેરાફીસ્ટની પ્રેક્ટિસ કરે છે. તેઓના લગ્ન વર્ષ 2023 માં દર્શન મનહરલાલ દેસાઈ સાથે થયા હતાં. લગ્નના મહિના બાદ પતિ દ્વારા ઘરખર્ચ આપતા ન હતાં. અમિતાને અસ્થમાની બિમારી છે. પતિ દ્વારા કંઈપણ મદદ કરતા ન હોય અને કામમાં ખામીઓ કાઢી ઝઘડો કરે છે. અમિતાએ રૂપિયા 22 લાખમાં નવું ઘર ખરીદેલું હતું જેમાં પતિ સહિતનાઓ રહે છે. પતિ મારપીટ કરી ત્રાસ આપતા હોય જેથી પતિ દર્શન દેસાઈ સામે વાપી ડુંગરા પોલીસ મથકમાં અમિતાએ ફરિયાદ નોંધાવી હતી.

એસબીપીપી કો-ઓપરેટીવ બેન્ક લી. (શિડયુલ્ડ બેન્ક)
હેડ ઓફિસઃ પારસી સ્ટ્રીટ, કિલ્લા-પારડી-૩૯૬ ૧૨૫.
ફોન નંબરઃ ૦૨૬૦-૨૩૭૩૫૨૮,૨૩૭૩૨૭૦
મોબાઈલ નંબરઃ ૬૩૫૭૯૩૭૬૦૧
(Established : 1930) PROUDLY CO-OPERATIVE
E-mail:-contact@pardipeoplesbank.in

* વાર્ષિક અહેવાલના છાપકામ માટેની ટેન્ડર નોટિસ *

આ બેન્કના નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના વાર્ષિક અહેવાલનાં છાપકામ માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ ટેન્ડરો ઈ-મેઈલથી/ટપાલથી બેન્કની હેડઓફિસ કિલ્લા-પારડી ખાતે તા.૨૫-૦૫-૨૦૨૬ સુધીમાં સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં મોકલવાના રહેશે.

કવર પેઇઝ : ચાર [કલર], ૧૭૦ જી.એસ.એમ.આર્ટ પેપર [આગળ-પાછળ] ઉપર પ્રિન્ટીંગ/અંદરના ફોટાવાળા પાના- બે [કલર] [બે બાજુ] ૧૩૦ જી.એસ.એમ.આર્ટ પેપર ઉપર પ્રિન્ટીંગ અંદરના પેઇઝ : ૮૦-જી.એસ.એમ. પેપર પ્રિન્ટીંગ -૪૫ પાના સંખ્યા :૫૦૦ નંગ

નોંધઃ ઉપરોક્ત પ્રમાણે ટોટલ ૧ વાર્ષિક અહેવાલ ના ભાવો આપવાના રહેશે તથા સીંગલ એક પાનાનો ભાવ અલગથી આપવાનો રહેશે. છાપકામ બેન્કના નમૂના મુજબ કરવાનું રહેશે. અગાઉના વાર્ષિક અહેવાલ નો નમૂનો બેન્કની હેડઓફિસ અથવા શાખામાંથી મળી શકશે.

કિલ્લા-પારડી.
તા.૧૫-૦૫-૨૦૨૬

શ્રી રાજેશભાઈ જી. રાણા
કસ્ટોડિયન